બાળકીઓ પર દુષ્કર્મ કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૮

આજથી ચાર દિવસ અગાઉ રાંચરડા ગામની સીમમાંથી એક પાંચ વર્ષની નાની બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર નરાધમ શખ્સને પોલીસે દબોચી લીધો છે. જયારે આરોપીએ ખાત્રજ ચોકડી પાસેથી એક ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કરી હત્યા કર્યા પછી તેની ઉપર દુષ્કર્મ કરી મૃતદેહ ગરનાળામાં ફેંકી દીધો હતો. પોલીસની ૧૨ જેટલી વિવિધ ટીમોએ દિવસ-રાત ખભે થી ખભો મિલાવી કામગીરી કરીને આરોપીને પકડી પાડયો હતો. ત્યારે પોલીસની પુછતાછમાં આરોપીએ વધુ એક બાળકી ઉપર દુષ્કર્મનો ભેદ ઉકેલી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરમાં બે દિવસમાં બે બાળકીઓ પર દુષ્કર્મની ઘટનાઓ સામે આવી હતી. ત્યારે બે બાળકી પર દુષ્કર્મ આચરનાર નરાધમ શખ્સ એક જ હતો. જેને એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. આજ થી ચાર દિવસ અગાઉ રાંચરડા થી પાંચ વર્ષની બાળકી અને ખાત્રજ થી ત્રણ વર્ષની બાળકીને ઉઠાવી લઈ જઈને હત્યા કર્યા બાદ તેના પર દુષ્કર્મ આચરીને મૃતદેહ ગરનાળામાં ફેંકી દેનારો નરાધમ વિજય પોપટજી ઠાકોરની પોલીસે ધરપકડ કરી છે. જયારે પોલીસ વિભાગની ૧૨ થી વધુ ટીમોએ ગણતરીના કલાકોમાં આરોપીને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા બંન્ને ગુનાની તપાસ એલસીબી-૧ પીઆઈ એચ.પી.ઝાલાને સોંપવામાં આવી હતી. ત્યારબાદ પોલીસની વિવિધ ટીમો બનાવી કેનાલ પર, આસપાસ આવેલી ફેકટરીઓ, ગ્રામ પંચાયત તેમજ ખાનગી સીસીટીવી કેમેરાના ફુટેજ અને ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ હાથ ધરી હતી. ગત તા.૪ નવેમ્બરના રોજ રાંચરડા ગામની સીમમાં નાની બાળકીને કોઈ અજાણ્યો શખ્સ તેની ઓરડી પાસેથી બાઈક પર બેસાડી અપહરણ કરી અવાવરુ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચરી ડાભલા જતા માર્ગ પર છોડી દીધી હતી. બાળકીની માતાએ ફરીયાદ નોંધાવી હતી. આ વિસ્તાર મજુર વર્ગના રહેણાંકવાળી હોવાથી આસપાસના વિસ્તારમાં સીસીટીવી ફુટેજ મળી શકયા ન

હતા.ત્યારબાદ પોલીસે જ સ્થળ પરથી બાળકી મળી આવી તે સ્થળ સુધી આવતા રૂટને ધ્યાને રાખી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા.એક ફેકટરીના કેમેરામાં એક શખ્સ બાળકીને લઈને જતી શંકાસ્પદ મુવમેન્ટ દેખાઈ આવી હતી.જેથી પોલીસે શંકાસ્પદ શખ્સો પૈકી વિજય ઠાકોર હકીકતો છુપાવતો હોવાનું જણાઈ આવ્યું હતુ. પોલીસે પુછતાછ કરતા તે ભાગી પડયો હતો અને ગુનાની કબુલાત કરી હતી. જયારે તા.૫ ના રોજ રાત્રીના સમયે ખાત્રજ પાસેથી ત્રણ વર્ષની એક બાળકીને અપહરણ કરીને ગળુ દબાવી હત્યા કરી દુષ્કર્મ આચર્યુ હોવાની કબુલાત કરી છે. બાળકી અંગે પુછપરછ કરતા નરાધમ શખ્સે ખાત્રજ થી મોટી ભોયણ જતા માર્ગ પર દેમાઈ તળાવ સામે ગરનાળાની નીચે અવાવરુ જગ્યાએ બાળકીનો નગ્ન હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. બાળકીના મૃતદેહનુ પીએમ કરાવતા બાળકીના ગુપ્ત ભાગે ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે. જયારે બાળકીનું મૃત્યુ ગળુ દબાવવાથી થયુ હોવાનુ જણાતા તેની ધરપકડ કરી તા.૧૧ મી સુધી રિમાન્ડ મેળવી તપાસ શરુ કરી છે. જયારે આરોપીએ આઠ થી દશ દિવસ અગાઉ અન્ય એક બાળકી પર દુષ્કર્મનો ગુનો કર્યો હોવાની પણ કબુલાત કરી છે. ત્યારે હાલમાં આરોપીએ અન્ય કેટલા ગુના કર્યા છે તેની તપાસની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જયારે આરોપીએ દિવાળીના દિવસે બાળકી પર દુષ્કર્મ આચરીને પોતાના પાડોશમાં આવેલા ગામમાં ગરબાનું આયોજન હોવાથી તે ગરબા રમવા માટે ગયો હતો.જયારે નવા વર્ષે ગામમાં ગરબાનું આયોજન હોવાથી તે ગરબે ઘુમ્યા બાદ ખાત્રજ ચોકડી પાસેથી બાળકીનું અપહરણ કરી હત્યા કરી દુષ્કર્મ આચર્યું હતું. આનાથી આરોપીની ક્રુર માનસિકતા છતી કરે છે. ત્યારે જિલ્લા પોલીસ વડાના સીધા માર્ગદર્શન હેઠળ તપાસની કામગીરી ચાલુ છે.

ખૂણેખાંચરેથી

- દિપાવલી પર્વના મીની વેકેશન બાદ આજથી કચેરીઓ કાર્યરત થઈ છે. જો કે કર્મચારીઓની હાજરી ઓછી જણાઈ હતી.
- કર્મચારી સંગઠ્ઠનના આગેવાનોએ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મુખ્ય સચિવ પંકજકુમારને મળી શુભેચ્છાઓની આપ-લે કરી હતી.
- ચ-રોડ પરના ટ્રાફિક સિગ્નલોમાં ટેકનીકલ ક્ષતિ થતાં ઘણા વાહન-ચાલકો આજે હાલાકીમાં મુકાયા હતા.
- ૧૨મી નવેમ્બરે ગુજરાતભરમાં લોંચ થનાર ''નિરામય ગુજરાત'' પ્રોજેક્ટ અંગે આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ વિડીયો કોન્ફરન્સ જિલ્લાતંત્ર સાથે કરી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- રાજયમંત્રી નિમિષાબેન સુથારના કાર્યાલયમાં મુલાકાતીઓ માટે અમૂલની ચોકલેટ અને સાકર મુકવામાં આવી હતી.
- દિપાવલીના પર્વોમાં પણ હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર કેન્દ્ર ખાતે વાઈરલ ફિવર, ડેન્ગ્યુ અને સામાન્ય દાઝી જવાના કેસો નોંધાયા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજથી ચૂંટાયેલા પદાધિકારીઓ નૂતન વર્ષની કામગીરીનો આરંભ કરશે.
- દહેગામ કોર્ટ દ્વારા ચેક રિટર્નના બે અલગ-અલગ કેસમાં બે આરોપીઓને એક-એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.
- ઉત્તર ગુજરાતના ક્ષત્રિય સમાજના અગ્રણી દાંતા રાજવી પરિવારના સદસ્ય મધુસુદનસિંહજી ભવાનીસિંહજી પરમાર (મધુબના)નું દુઃખદ અવસાન થયું છે.
- વડનગર ખાતે ૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ ''તાનારીરી મહોત્સવ''નું આયોજન કરાયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નૂતન વર્ષ વિક્રમ સંવત-૨૦૭૮ના પ્રથમ દિવસે ગાંધીનગર ખાતે પંચદેવ મંદિર ખાતે દર્શન-પૂજન કર્યા હતા.

સેકટર-૧ માં વૃધ્ધાએ છરી હાથમાં પકડી લઈ હોહા કરતા લુંટારૂઓ ભાગી ગયા

ગાંધીનગર,તા.૮

શહેરના વીઆઈપી સેકટર-૧ માં વોશીંગ પાવડર વેચવાના બહાને આવેલા બે શખ્સોએ વૃધ્ધાની એકલતાનો ફાયદો ઉઠાવી છરીની અણીએ લુંટનો પ્રયાસ કર્યો હતો. જો કે વૃધ્ધાએ લુંટારૂઓનો પ્રતિકાર કરતા છરી હાથમાં પકડી લઈ હોહા કરતા બંન્ને શખ્સો નાસી ગયા હતા. જો કે આસપાસમાંથી દોડી આવેલા નાગરીકોએ તેઓનો પીછો કરતા સામાન માર્ગ પર ફેંકી દોડી ગયા હતા. ત્યારે વીઆઈપી સેકટરમાં આ પ્રકારની ઘટના બનતા પોલીસ પણ તાત્કાલીક દોડી આવી હતી અને તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.

રાજયનું પાટનગર ગાંધીનગર દિવસે ને દિવસે કાઈમ કેપીટલ બની રહ્યું છે. ઘરફોડ, વાહનચોરી, લુંટ, હત્યા, અપહરણ, દુષ્કર્મ,સહિતના ગુનાઓ સામાન્ય બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૧ માં રહેતા વૃધ્ધાને છરીની અણીએ લુંટવાનો નિષ્ફળ પ્રયાસ થયો હોવાનું સામે આવ્યું છે. ત્યારે સેકટર-૧ સી પ્લોટ નં. ૪૭૭-૧ ખાતે રહેતા હેમંતભાઈ શર્મા વેપકોઝ કંપનીમાં ફરજ બજાવે છે. ત્યારે તેમના પત્ની ૬૪ વર્ષિય કિરણ બેન ઘરે એકલા હાજર હતા. તે સમયે બે સેલ્સમેન વોશીંગ પાવડર વેચવા માટે આવ્યા હતા. એક વર્ષ પહેલા પણ આ જ સેલ્સમેન વોશીંગ પાવડર આપી ગયો હતો. તે પંદર દિવસ પહેલા પણ કિરણ બેનને વોશીંગ પાવડર આપી ગયો હતો. જયારે આજે પણ પોતાના સાથીદાર સાથે વોંશીગ પાવડર વેચાણ માટે આવ્યો હતો. જેથી કિરણબેને તેને દરવાજાની બહાર ઉભા રહેવાની સુચના આપી હતી. તે સમયે એક શખ્સે પીવા માટે પાણી માગ્યું હતું. જેથી કિરણબેન પીવા માટે પાણી લેવા માટે રસોડામાં ગયા હતા. ત્યારે એકલતાનો લાભ લઈ લુંટારૂઓ ઘરમાં ઘુસી ગયા હતા અને એક શખ્સે કિરણબેનનું મોંઢુ દબાવી દીધુ હતુ. જયારે બીજા શખ્સે છરી વડે હુમલો કર્યો હતો. પરંતુ કિરણબેને છરી હાથમાં પકડી પાડી હતી અને હોહા કરતા લુંટારૂઓ ગભરાઈ જઈને નાસી ગયા હતા. આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા. તેઓએ પણ લુંટારૂઓને પકડવા માટે પાછળ દોડ્યા હતા. પરંતુ તેમની પાસે રહેલ થેલો ફેંકીને તેઓ ભાગી ગયા હતા. જયારે ઈજાગ્રસ્ત કિરણબેનને સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૨૯ વંદે માતરમ પાર્ક ખાતે અધિકારીના ઘરમાંથી ૧.૨૫ લાખની ચોરી

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૨૯ વંદે માતરમ પાર્ક -૧ ખાતે રહેતા ડેપ્યુટી સેકશન અધિકારીના બંધ મકાનનું તાળુ તોડી તસ્કરો ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૧.૨૫ લાખ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. તહેવારોના સમયમાં ચોરી થતા સ્થાનિક નાગરીકોમાં ભયનો માહોલ ઉભો થયો છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ સુરેન્દ્રનગરના વતની અને સચિવાલય ખાતે ડેપ્યુટી સેકશન ઓફિસર તરીકે ફરજ બજાવતા જયપાલસિંહ ગંભીરસિંહ બોરાણા દિવાળીના દિવસોમાં પરિવાર સાથે ગત તા.૩ નવેમ્બરના રોજ સેકટર-૨૯ વંદે માતરમ-૧ ખાતે આવેલ ઘર નં.૧૦-૪૦૨ બંધ કરીને વતન ગયા હતા. વતન થી આજે સવારે તેઓ પરત ફર્યા હતા. ત્યારે તેઓએ જોયુ તો ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલુ હતું. જયપાલસિંહે ઘરમાં પ્રવેશી તપાસ કરતા ઘરનો સામાન અસ્ત વ્યસ્ત પડ્યો હતો. જયારે ઘરમાં રહેલા સોનાના દાગીનામાંથી મંગળસુત્ર બે તોલાનું વજન કિં.૯૦ હજાર, સોનાની બુટ્ટી અડધો તોલાની કિ.રૂ.૨૨ હજાર, સોનાની બુટ્ટી નંગ ૩ કિં.રૂ.૨ હજાર, ચાંદીની પાયલ કી.રૂ.૩ હજાર અને રૂ.૭ હજાર રોકડની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરીની જાણ થતા સેકટર-૨૧ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ડોગ સ્કવોડ અને ફીંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ રૂ.૧.૨૫ લાખની મત્તાની ચોરી થતા સેકટરમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે તસ્કરો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. પોલીસના પીસીઆર, હોમગાર્ડ, તેમજ વિવિધ ટીમો દ્વારા સતત પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરો કળા કરીને સિફતપૂર્વક નાસી જાય છે.

ગાંધીનગરમાં દિવાળીના પર્વોમાં ૧૦ સ્થળોએ આગ લાગી

ગાંધીનગર,તા.૮

ગાંધીનગર શહેરમાં દિવાળીના પાવન દિવસોમાં વિવિધ જગ્યાએ આગના ૧૦ જેટલા બનાવ બન્યા હતા. જેમાં ખેતરમાં રહેલા પુળા આગની જપેટમાં આવ્યા હતા.તો બીજીતરફ કચરાપેટીમાં પણ અચાનક આગ ભભુકી ઉઠી હતી. ત્યારે આગની જવાળાઓમાં સામાન બળીને રાખ થઈ જતા લાખો રૂપીયાનું નુકશાન થયું છે.પરંતુ આગની ઘટના કોઈ જાનહાની થવા પામી નથી. જયારે ફાયર વિભાગને કોલ મળતા જ ફાયર ટીમ પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.

દિવાળીના પર્વમાં ગત તા. ૩ થી ૭ દરમિયાન જિલ્લામાં આગના ૧૦ જેટલી ઘટનાઓ સામે આવી છે. જેમાં ડભોડા પાસે દાદુભાનગર ખાતે જે.કે.પટેલ ફાર્મમાં ઘાસના પુળાના ગોડાઉનમાં આગ લાગી હતી, સરગાસણ ચાર રસ્તા પાસે પ્રમુખ એલીગન્સ ખાતે પણ અચાનક ગેસ સિલિન્ડરમાં આગ લાગી હતી.ધોળેશ્વર મહાદેવ મંદિર રોડ પાસે અને કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટ પાસે પણ કચરા પેટીમાં આગ ભભુકી ઉઠી હતી. જયારે દહેગામ જીઆઈડી ખાતે પણ આગ લાગતા સામાન બળી જવા પામ્યો હતો. જયારે ધોળાકુવા રાવળ વાસ ખાતે બાઈક આગની લપેટમાં આવી ગયું હતું. જયારે સાંતેજમાં પણ આગની ઘટના સામે આવી હતી. તમામ સ્થળો પર ફાયર જવાનોએ તાત્કાલીક પહોચીને આગ પર કાબુ મેળવી લીધો હતો.

સેક્ટર-૭-એ વસાહત મંડળનો નૂતન વર્ષ મિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૭-એ વસાહત મંડળના પ્રમુખ જશવંત ગાંધીના અધ્યક્ષપદે નવરાત્રી ચોકમાં નૂતન વર્ષ મિલન સમારંભ યોજાયો હતો. જેમાં ૧૦૦ જેટલા વસાહતી ભાઈ-બહેનોએ હાજરી આપી શુભેચ્છાઓની આપ-લે કરી હતી. જેમાં રંગોલી સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. રંગોલી સ્પર્ધામાં વંદના રાવલ પ્રથમ ક્રમે, ગ્રીષ્મા વર્ષાત દ્વિતીય, હેત્વી પટેલ તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. નારાયણ મોદી, અશોક માણેક, ડૉ. એસ.એ. ગોળકીયા, બી.એન. શ્રીવાસ્તવ, ગણપતરામ સાધુ, જયશ્રીબેન રાવલ, આરતીબેન ભટ્ટ, અમિતભાઈ ચાવડા, રોહનભાઈ પરિમલ, ઈન્દુબેન ચોટલીયાના હસ્તે ઈનામોનું વિતરણ કરાયુ હતું.

લેટેન્ટ વ્યૂ એનાલીટિક્સ લિમિટેડનો આઈપીઓ ૧૦મીએ ખૂલશે

લેટેન્ટ વ્યૂ એનાલીટિક્સ લિમિટેડનો આઈપીઓ (''ઓફર'') ૧૦ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ખુલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૯૦ થી રૂ. ૧૯૭ નક્કી થઈ છે. બિડ્સ લઘુત્તમ ૭૬ ઈક્વિટી શેર અને પછી ૭૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં કંપનીનું પીએટી માર્જિન અનુક્રમે ૨૦.૭૨ ટકા, ૨૩.૪૭ ટકા એ ૨૯.૯૦ ટકા હતું. કંપની સારો રોકડપ્રવાહ ધરાવે છે તથા નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ એ ૨૦૨૦-૨૧માં કંપનીએ અનુક્રમે રૂ. ૧૧.૩૨ કરોડ, રૂ. ૨૩.૯૪ કરોડ અને રૂ. ૬૧.૮૧ કરોડની ચોખ્ખો રોકડ ઉભી કરી છે. એ મુજબ કંપની ૩૦ જૂન, ૨૦૨૧ના રોજ પૂર્ણ થયેલા ગાળામાં એની બેલેન્સ શીટ પર આશરે રૂ. ૨૮૦ કરોડની કેશ ધરાવતી હતી.

કંપની એની બેલેન્સ શીટ પર રોકડ વધારવાની યોજના ધરાવે છે. તેમજ આઈપીઓમાંથી પ્રાપ્ત થનાર ફંડ ઓર્ગેનિક અને ઈનઓર્ગેનિક રીતે એની વૃદ્ધિની યોજનાને વેગ આપવા ઈચ્છે છે. કંપનીએ બીએફએસઆઈ, ઉપભોક્તા ઉત્પાદનો અને રિટેલ જેવા વિવિધ ક્ષેત્રોમાં એની ક્ષમતા અને કાર્યકારી કુશળતા ઉભી કરવાની યોજના ધરાવે છે. કંપની ક્લાયન્ટ મેળવવા માટેની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરીને એના ક્લાયન્ટની સંખ્યા વધારવાનો અને વધુ ભૌગોલિક વિસ્તારોનું કામગીરીનું વિસ્તરણ કરવાની યોજના ધરાવે છે. જેમાં વેચાણના પ્રયાસોમાં વધારો સામેલ છે. કંપની વ્યૂહાત્મક એક્વિઝિશનની તકો પણ ચકાસી રહી છે, જે એ નવા વિસ્તારો, ઉદ્યોગોમાં પહોંચ વધારવા અને ક્લાયન્ટની સંખ્યા વધારવા માટે સક્ષમ બનાવશે.

એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટ



મુકેશભાઈ ચૌધરી
પ્રમુખ

સર્વેનગરજનોના જીવનમાં
વિક્રમ સંવત - ૨૦૭૮
સુખ, શાંતિ, સમૃદ્ધિ અર્પે
તેવી પરમ કૃપાળુ પરમાત્માને
પ્રાર્થના સહ....
દિપાવલીની હાર્દિક શુભકામના
તથા
નૂતન વર્ષાભિનંદન

ભરતજી ઠાકોર
મહામંત્રી

અહમદ શેખ - ઉપપ્રમુખ
જીગ્નેશ નકુમ - ઉપપ્રમુખ
આરીફ સૈયદ - સહમંત્રી
ભાવિન કટારીયા - સહમંત્રી
ઈશ્વરભાઈ રાવળ - ઉપપ્રમુખ
શિતલબેન પુવાર - ઉપપ્રમુખ
અમરસિંહ ઠાકોર - સહમંત્રી
દ્રષ્ટિ પટેલ - સહમંત્રી
રીજ્ઞેશકુમાર ચૌધરી - ખજાનચી

એક્ઝીક્યુટીવ મેમ્બર
ભરત સોલંકી
હેતલકુમાર મહિડા
મેહુલકુમાર ઝાલા
ભુપતસિંહ સરયૈયા
કિપાલસિંહ પુરવાર
નટવર પસાયા
સુરેશભાઈ પટેલ
દિવ્યા ઝાલા
મહાવીરસિંહ રાઠોડ
રીતુબેન ચૌધરી

નગરજનોને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવીએ છીએ...
વસાહત મંડળ, સેક્ટર-૭એ
અને
વસાહત મહિલા મંડળ, સેક્ટર-૭એ
પ્રો. અશોક એ. પટેલ
મંત્રી
ગણેશલાલ પટેલ
હર્ષદભાઈ પટેલ
ઉપપ્રમુખ
જશવંત ગાંધી
પ્રમુખ
વિપુલ ડી. પટેલ
હિરેન શાસ્ત્રી
સહમંત્રી
વિનોદભાઈ રાવલ
ઓડીટર
ભદ્રેશ વી. શાહ
ખજાનચી
આરતીબેન ભટ્ટ
મંત્રી
કવિતાબેન બક્ષી
ઈન્દુબેન ચોટલીયા
ઉપપ્રમુખ
જયશ્રીબેન રાવલ
પ્રમુખ
બિનાબેન દેસાઈ
જોલીબેન મહેતા
સહમંત્રી
કિપલ પટેલ
ઓડીટર
દક્ષાબેન વર્ષાત
ખજાનચી
તથા કારોબારી સમિતિ

સર્વેનગરજનોના જીવનમાં વિક્રમ સંવત - ૨૦૭૮
સુખ, શાંતિ, સમૃદ્ધિ અર્પે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ....
દિપાવલીની હાર્દિક શુભકામના
તથા નૂતન વર્ષાભિનંદન

જયસ્વાલ
મહેન્દ્રકાકા સોડાવાળા
ઘ-૨ કોર્નર, સેક્ટર-૨/સી, ગાંધીનગર
મો. : ૯૬૩૮૬૯૩૫૮૧
દેવ દિવાળી નિમિત્તે અમારી ઘ-૨ સર્કલ અને વિશાલ સુપર માર્કેટ કુડાસણમાં આવેલી બંને શાખાએ ૫૦૦૦ સોડા ફ્રી આપવામાં આવશે.
જયસ્વાલ મહેન્દ્રકાકા (સોડાવાળા) (વિરમગામ)
જયસ્વાલ પિયુષ મહેન્દ્રકુમાર
જયસ્વાલ રાજ મહેન્દ્રકુમાર
મયુરકુમાર કાળુભાઈ સોલંકી
ચિરાગકુમાર ભોગીલાલ જયસ્વાલ
જયઅંબે ટીફીન સર્વિસ
શુદ્ધ અને સાત્વિક ભોજન મળશે.
મો. ૮૨૦૦૫૬૦૦૫૪
શાખા : ગ-૨ સર્કલ પાસે ● કુડાસણ વિશાલ સુપર માર્કેટ પાસે

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧